ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અરવલ્લી શાખાને રાજ્યપાલના હસ્તે બે એવોર્ડ એનાયત : રાજ્યમાં સેવાકીય કાર્યોમાં દબદબો

અરવલ્લી જીલ્લામાં છેલ્લા ૭ વર્ષથી આરોગ્યલક્ષી સેવાઓ માટે સતત અગ્રેસર અને છેવાડાના માનવી સુધી આરોગ્યલક્ષી સેવાઓ પુરી પાડવા પ્રયત્નશીલ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અરવલ્લી જીલ્લા શાખાને ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના હસ્તે શ્રેષ્ઠ કામગીરી બદલ બે સ્પેશિયલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા અરવલ્લી જીલ્લામાં કાર્યરત ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીને રાજ્ય કક્ષાએ બે એવોર્ડ મેળવી સેવાકીય કાર્યોમાં દબદબો યથાવત રહ્યો હતો જેમાં ગુજરાત જિલ્લા અને તાલુકા બ્રાન્ચના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. અમદાવાદ ગુજરાત સ્ટે બ્રાન્ચ ખાતે મહામુહીમ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ રાજ્ય કક્ષાની જનરલ મિટિંગમાં સમગ્ર રાજ્યમાં ફંડ કલેક્શન અને યુથ રેડક્રોસ રજિસ્ટ્રેશનમાં અગ્રેસર રહેલ અરવલ્લી જીલ્લા શાખાના ચેરમેન ભરત પરમાર અને કારોબારી સભ્ય વનીતાબેન પટેલ તેમજ દિસી ઉપાધ્યાયને બે એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા બે એવોર્ડ પ્રાપ્ત કરી રાજ્યમાં અરવલ્લી જીલ્લાનું નામ રોશન કર્યું હતું આ એવોર્ડ ફંક્શનમાં જીલ્લા અને તાલુકા શાખાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીને બે એવોર્ડ પ્રાપ્ત થતા શાખાના હોદ્દેદારો અને જીલ્લાના અગ્રણીઓએ અને પ્રજાજનોએ શુભેચ્છા પાઠવી હતી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અરવલ્લી શાખા મોડાસા શહેરમાં રાહતદરની લેબોરેટરી, ફર્સ્ટ એઈડ તાલીમ, નર્સિંગ, બ્લડ ડોનેશન કેમ્પ જેવી પ્રવુત્તિઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોચે તે માટે સતત પ્રયત્નો કરી રહી છે જીલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં આરોગ્યલક્ષી કેમ્પ અને માર્ગદર્શન પૂરું પાડી માનવતા મહેંકાવી રહી છે

અરવલ્લીના આકરૂન્દમાં હિંગળાજ મંદિરે ભવ્ય પાટોત્સવ ઉજવાયો : બે દિવસીય કાર્યક્રમ સંપન્ન

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના આકરૂન્દમાં આવેલ હિંગળાજ મંદિરે તા.૧૮ અને ૧૯ દરમ્યાન બે દિવસીય નવ ચંડી યજ્ઞ, રાસ ગરબા સહિત પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.અરવલ્લીના આકરૂન્દમાં બ્રહ્મભટ્ટ સમાજ દ્વારા માતાજીના પ્રસંગની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.સમાજની તમામ દીકરીઓને પ્રસંગે આમંત્રિત કરીને તેમની પૂજા કર્યા બાદ ભેટ અર્પણ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે અરવલ્લીના આકરૂન્દ ખાતે હિંગળાજ માતાના પાટોત્સવની ઉજવણીમાં અનુપમા સિરિયલમાં અભિનય કરીને દર્શકોમાં પ્રખ્યાત બનેલી મુક્કુ એટલેકે અનેરી વજાનીએ પણ મંદિરે હાજરી આપીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.મહિલાઓમાં પ્રિય અનુપમા સિરિયલની કલાકાર હજાર રહેતા મહિલાઓ સહિત હાજર તમામમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.એકંદરે પાટોત્સવ કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન થયો હતો અને તમામ ભક્તોએ મહા પ્રસાદીનો લાભ લીધો હતો.

ધનસુરા તાલુકાના વી.સી.ઈ કર્મચારીઓએ પડતર માંગણીઓને લઈને ટી.ડી.ઓ ને લેખિતમાં રજૂઆત કરી

ધનસુરા તાલુકાના વી.સી.ઈ કર્મચારીઓ એ પડતર માંગણીઓને લઈને ધનસુરા ટી.ડી.ઓ ને લેખિત માં રજૂઆત કરી હતી.ધનસુરા તાલુકાના વી.સી.ઈ કર્મચારીઓ પડતર માંગણીઓને લઈને ૧૧ તારીખ થી હડતાલ પર છે.ગ્રામ પંચાયત માં ઈ ગ્રામ સેન્ટર મારફતે મહત્વ ની કામગીરી કરતા વી.સી.ઈ પોતાની પડતર માંગણીઓને લઈને હડતાલ પર છે.જેમાં ધનસુરા તાલુકાની ગ્રામ પંચાયતો ના વી.સી.ઈ પણ જોડાયા છે ત્યારે ધનસુરા વી.સી.ઈ કર્મચારીઓ એ ધનસુરા તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકા વિકાસ અધિકારી ને લેખિત માં રજૂઆત કરી હતી.તેઓની પગાર ને લઈ કેટલીક માંગણીઓ છે.સમાન કામ સમાન વેતન, કમિશન પ્રથા બંધ કરવી , ફિક્સ પગાર જેવી માંગણીઓ છે ત્યારે ધનસુરા તાલુકા પંચાયત ખાતે વી.સી.ઈ મંડળ ના પ્રમુખ,ઉપપ્રમુખ સહિત તાલુકાના વી.સી.ઈ કર્મચારીઓ જોડાયા હતા.

પાલનપુરના રણાવાસ નજીક વીજ થાંભલો દુર કર્યા વિના જ રોડ બનાવી દેવાયો

પાલનપુર થી રણાવાસ સુધીનો રોડ પહોળો કરવાની કામગીરીમાં કોન્ટ્રાકટર ની લાલીયાવાડીને કારણે એક બાદ એક ક્ષતિઓ સર્જાઈ રહી હોય લોકોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. આ અંગે

વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, જેમાં રણાવાસ નજીક રોડ વચ્ચે ઉભેલા વીજ થાંભલા ને હટાવ્યા વિના જ રોડ બનાવી દેવામાં આવતા રોડનાં વળાંક થાંભલાને લઈ અકસ્માત સર્જાવા ની દહેશત વર્તાવા લાગી છે. બનાસકાંઠા જિલ્લા પંચાયત માર્ગ અને મકાન વિભાગ દ્વારા લાખો રૂપિયાના ખર્ચે પાલનપુર થી રણાવાસ સુધી ૧૭ કિલોમીટર રોડ પહોળો કરવાની કામગીરી કરવામાં આવી રહી છે જેમાં અગાઉ રોડ સાઈડો માં આડેધડ ખોદકામને લઈ પાણી પુરવઠાની પાણી ની પાઈપો તૂટી ગઈ હતી અને કોન્ટ્રાકટર દ્વારા પાઈપો નું સમારકામ કરવામાં ન આવતા આ વિસ્તારના ગામડાઓમાં પીવાના પાણીની સમસ્યા સર્જાય હતી .જે બાદ રણાવાસ નજીક રોડ વચ્ચે ઉભેલા વીજ થાંભલાને રોડ સાઈડના દૂર કર્યા વિના જ રોડ બનાવી દેવામાં આવતા આ વીજ થાંભલો રોડના વળાંકમાં વચ્ચોવચ આવી જતા આ માર્ગે પસાર થતા વાહન ચાલકોને અકસ્માત સર્જાવા ની દહેશત વર્તાઈ રહી છે. ત્યારે જવાબદાર તંત્ર દ્વારા આ જોખમી વીજ થાંભલાને રોડ વચ્ચે થી દુર કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

જિલ્લામાં ૧૭ દિવસની હડતાલ બાદ ક્વોરી ઉદ્યોગ ધમધમ્યા

સરકારના હકારાત્મક અભિગમથી હડતાલનો અંત

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૧૯

રાજ્ય સરકારે ક્વોરી ઉદ્યોગકારોની માંગણીઓને ધ્યાનમાં રાખી હકારાત્મક અભિગમ અપનાવતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૧૭ દિવસથી હડતાલ પછી ક્વોરી ઉદ્યોગ ધમધમતો થયો છે. હડતાલ દરમ્યાન ૧૩ ક્વોરી ઉદ્યોગો બંધ રહ્યા જેના કારણે ૧૨૦૦ થી વધુ શ્રમજીવીઓએ રોજગારી ગુમાવી હતી પરંતુ હવે ક્વોરી એસોસીએશનની હડતાલનો અંત આવવાથી સાબરકાંઠા, અરવલ્લી, ખેડા સહિતના વિસ્તારોમાં ગ્રીટ, કપચીનું ઉત્પાદન શરુ થવાથી ઠપ્પ થયેલી ક્વોરીઓ ફરીથી ધમધમતી થઈ છે. - સાબરકાંઠા, અરવલ્લી, ખેડા-દનાદરા સહિતના ૧૭૦ જેટલી ક્વોરીઓના સંચાલકો રાજ્ય વ્યાપી હડતાલમાં જોડાયા હતા. ક્વોરીઓ બંધ રહેવાથી ક્વોરી માલિકોને મોટો આર્થિક ફટકો પડ્યો હતો. આ સાથે ક્વોરી

પરથી માલ વહન કરતી ટ્રકનાં પૈડાં પણ થંભી જતાં ટ્રકમાલિકો, ડ્રાઈવર, ઓપરેટર તેમજ ક્વોરી પ્લાન્ટમાં કામ કરતા મજૂરોને વ્યાપક અસર થઈ. ક્વોરી માલિકોની કુલ-૧૭ પૈકીની ૮ માંગ મુખ્ય હતી જેમાં ક્વોરીના ખાડાની માપણી, ખાનગી માલિકીની જમીનમાં ક્વોરી લીઝ, હરાજી વગર આપવી, ઈસી અને માઈનિંગ પ્લાન્ટ ઘન ખનિજમાં નહીં હોવા અંગે, ક્વોરી ઝોન ડીક્લેર કરવા, ખાણખનિજ અને આર.ટી.ઓ.નું જોડાણ અલગ કરવા, મશીન સેન્ડને સરકારી કામોમાં વાપરવા ફરજીયાત કરવું અને ખનિજ કિંમતમાં ફેરફાર કરવા સહિતના મુદ્દે સરકારમાં રજૂઆતો થઈ હતી પરંતુ દાયકા પછી પણ ઉકેલ આવ્યો ન હોવાથી ક્વોરી માલિકોને સરકાર સામે મોરચો માંડવાની ફરજ પડી. જેમાં મક્કમ નિર્ધાર સાથે ૧૭ દિવસ સુધી ચાલેલી હડતાલ દરમ્યાન સરકારે પડતર માંગણીઓનો હકારાત્મક અભિગમ સાથે તેનો ઉકેલ લાવવાની ખાત્રી આપી જેના કારણે ગુજરાત ક્વોરી એસોસીએશન દ્વારા હડતાલનો અંત લાવવામાં આવ્યો છે. સાબરકાંઠા, અરવલ્લી, ખેડા અને દનાદરા વિસ્તારની ક્વોરીઓ પણ હડતાલના અંત સાથે રાબેતા મુજબ કાર્યરત થઈ છે જેના કારણે રોજગારી ગુમાવનારા ૧૨૦૦ શ્રમજીવીઓના મોઢા ઉપર ફરીથી સ્મિત રેલાયું છે. જ્યારે ઉત્પાદન પણ શરુ થયું હોવાના કારણે હડતાલ સમયે આર્થિક ફટકો સહન કરનારા ક્વોરી માલિકોને પણ હવે કપચી, ગ્રીટનું ઉત્પાદન કરવામાં રાહત થઈ છે.

પડતર માંગણીઓ સ્વીકારાતાં હડતાલનો અંત - ક્વોરી એસોસીએશન

સાબરકાંઠા, અરવલ્લી, ખેડા-દાદરા ક્વોરી એસોસીએશનના પ્રમુખ રમણભાઈ પટેલ, મંત્રી ગોવિંદભાઈ પટેલે જણાવ્યું કે સરકાર સમક્ષ ક્વોરી ઉદ્યોગકારોના પડતર પ્રશ્નોની થયેલ રજુઆતોનો ઉકેલ ન આવતાં હડતાલ શરુ કરવામાં આવી હતી. ૧૭ દિવસ સુધી હડતાલ જારી રહ્યા પછી આખરે સરકારે હકારાત્મક અભિગમ સાથે પડતર માંગણીઓ સ્વીકારતાં હડતાલનો અંત આવ્યો છે.

અરવલ્લી જિલ્લાના વિકાસ કાર્યોની સમીક્ષા કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

બાયડ તા.૧૯

મુખ્યમંત્રીશ્રી ગુરૂવારે અરવલ્લીની મુલાકાતે હતા અને બાયડ ખાતે તેમણે અરવલ્લી જિલ્લામાં હાથ ધરાઈ રહેલા તથા પ્રગતિ હેઠળના વિવિધ કામો, રાજ્ય સરકારની યોજનાઓ

વગેરેમાં જિલ્લાની પ્રગતિની વિગતો આ બેઠકમાં મેળવી હતી. મુખ્યમંત્રીએ 'ટીમ અરવલ્લી' સાથે સમીક્ષા બેઠકમાં જણાવ્યું હતું કે, જનપ્રતિનિધિઓ અને અધિકારીઓના સુદ્રઢ સંકલનથી આપણે વિકાસ કામોમાં નવી સિદ્ધિ પ્રાપ્ત કરી શકીશું. તેમણે જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓને પ્રજાના પ્રશ્નોના હકારાત્મક ઉકેલ માટે દિશા નિર્દેશ આપતા જણાવ્યું હતું કે, આપણે એક થઈ, નેક થઈ પ્રજાની નિસ્વાર્થ ભાવે સેવા કરીએ અને લોકપ્રશ્નોના ઉકેલની દિશામાં આગળ વધીએ

મુખ્યમંત્રીશ્રીએ અરવલ્લી જિલ્લાના વીજળી, પાણી કાયદો-વ્યવસ્થા જેવા વિવિધ વિકાસલક્ષી મુદ્દાઓ અંગે અધિકારીઓ સાથે વિમર્શ કરતા કહ્યું કે, આપણને પ્રજાની સેવા કરવાની જે તક પ્રાપ્ત થઈ છે તેને પરિણામલક્ષી રૂપ આપીએ. આ સમીક્ષા બેઠકમાં પદાધિકારીઓ દ્વારા રજૂ થયેલા પ્રજાકીય પ્રશ્નોના ઝડપથી નિવારણ માટે મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા અધિકારીઓને સૂચનાઓ આપી હતી. તેમણે વિકાસ કાર્યોમાં જનભાગીદારી વધારવાનું પણ પ્રેરક સૂચન કર્યું હતું. ઉનાળાને અનુલક્ષીને જિલ્લામાં પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે પ્રકારે સુદ્રઢ આયોજન કરવા અંગે પણ બેઠકમાં વિચાર-વિમર્શ કરવામાં આવ્યો. જિલ્લા પ્રભારીમંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોરે દરેક ઘર સુધી પાણી પહોંચાડવા માટે નાની અને મધ્યમ કક્ષાની યોજનાઓનો ઉપયોગ કરવાનો અનુરોધ કર્યો હતો. અરવલ્લી જિલ્લા કલેકટર શ્રી ડૉ. નરેન્દ્રકુમાર મીનાએ મુખ્યમંત્રીશ્રી સમક્ષ અરવલ્લી જિલ્લામાં ચાલી રહેલા વિવિધ વિકાસ કાર્યોની રૂપરેખા રજૂ કરી હતી. જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી.ડી ડાવેરા, જિલ્લા પોલીસ વડા શ્રી સંજય ખરાત અને નિવાસી અધિક કલેકટર શ્રી એન. ડી. પરમાર સહિતના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સમીક્ષા બેઠકમાં પૂર્વ મંત્રી શ્રી રજનીભાઈ પટેલ તેમજ જિલ્લાના પદાધિકારીઓ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા

બાયડમાં મુખ્યમંત્રીની મુલાકાત દરમ્યાન બાયપાસ માટે કારોબારી અધ્યક્ષ દ્વારા રજૂઆત

ટ્રાફીક સમસ્યાના કાયમી નિવારણ માટે બાયપાસ અત્યંત જરૂરી

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૧૯

રાજ્યના મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગુરૂવારે બાયડની મુલાકાતે હતા. તેઓએ બાયડના શરણાઈ પાર્ટી પ્લોટમાં ભાજપ સંગઠન અને પદાધિકારીઓ સાથે યોજાયેલી બેઠકમાં ખુલ્લા મને ચર્ચા સાથે વિચારમંચમાં સામેલ થયા હતા. વિસ્તારની સમસ્યા બાબતે દરેકને રજૂઆત કરવા જણાવ્યું હતું. બાયડ નગરપાલિકા કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ દ્વારા માથાના દુઃખાવારૂપ બનેલી ટ્રાફીક સમસ્યાના કાયમી ઉકેલ માટે બાયડમાં બાયપાસ જરૂરી હોવાની રજૂઆત કરી હતી.

જિલ્લાના શહેરી વિસ્તારોમાં ટ્રાફીક સમસ્યા માથાના દુઃખાવારૂપ બની છે. દર ૩ મહિને યોજાતી ટ્રાફીક સલાહકાર સમિતિની બેઠક માત્ર તમાશો બનીને રહી ગઈ છે. ટ્રાફીક તેમજ સ્થાનિક પોલીસની નિષ્ક્રિયતાથી હવે વેપારીઓ અને રાહદારીઓ તોબાહ પોકારી ઉઠ્યા છે. બાયડના મુખ્ય બજારમાં ટ્રાફીક સમસ્યા વકરતાં દર વર્ષે ૫ થી ૧૦ લોકોના અકસ્માતમાં મોત નિપજી રહ્યા છે. બાયડમાં ઓવર બ્રીજ બને તો બાયડની જાહોજલાલીમાં ઝાંખપ આવવાની સંભાવના છે. આ સંજોગોમાં એકમાત્ર બાયપાસ વિકલ્પ રહ્યો છે. બાયડમાં મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને વિસ્તારની સમસ્યા અંગે કાર્યકરો સાથે બંધબારણે ચર્ચા બેઠક યોજાઈ હતી જેમાં બાયડ નગરપાલિકા કારોબારી અધ્યક્ષ દ્વારા બાયપાસ માટે રજૂઆત કરવામાં આવી હતી જેની મુખ્ય મંત્રીએ નોંધ લીધી છે. ત્યારબાદ અન્ય સંગઠન હોદ્દેદારો અને પદાધિકારીઓએ પણ પોતાના વિસ્તારની સમસ્યાઓ મુખ્ય મંત્રી સમક્ષ વિસ્તારથી રજૂ કરી હતી.

બાયડમાં મુખ્યમંત્રીને રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ તેમજ બાયડ તાલુકા પ્રાથમિક ટીચર્સ મંડળી દ્વારા કન્યા કેળવણી માટે રૂા.૧ લાઓખનો ચેક અપાયો

મુખ્યમંત્રી દ્વારા પ્રા.શિક્ષકોની કામગીરીને બિરદાવાઈ

બાયડ,(બ્યુરો ઓફિસ) તા.૧૯

રાજ્યના મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગુરૂવારે બાયડની મુલાકાતે હતા ત્યારે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ તેમજ બાયડ તાલુકા પ્રાથમિક ટીચર્સ મંડળી-ડેમાઈ દ્વારા કન્યા કેળવણી મુખ્યમંત્રી સહાય ફંડમાં રૂા.૫૧-૫૧ હજારનો ચેક અપાતાં મુખ્ય મંત્રી દ્વારા પ્રા. શિક્ષકોની કામગીરી અને ભાવનાને બિરદાવી હતી.

પ્રાપ્ત જાણકારી અનુસાર અરવલ્લી જિલ્લાના પ્રા.શિક્ષકો હંમેશાં કપરી પરિસ્થિતિમાં પણ સરકારની પડખે રહ્યા છે. કુદરતી કે માનવ સર્જીત આપત્તિ હોય ત્યારે શિક્ષકોએ રાજ્ય પ્રત્યેનું પોતાનું દાયીત્વ હંમેશાં અદા કર્યું છે. તા.૧૯ મે. ના રોજ રાજ્યના યશસ્વી મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ બાયડની મુલાકાતે આવ્યા હતા. પ્રારંભે જયઅંબે મંદબુદ્ધિ મહિલા આશ્રમની મુલાકાત લીધા પછી તેઓએ શરણાઈ પ્લોટમાં આયોજીત કાર્યકર્તાઓના સંમેલનમાં ઉપસ્થિત રહ્યા હતા ત્યારે રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી સતિષભાઈ પટેલ સહિત શિક્ષક આગેવાનો તેમજ બાયડ તાલુકા પ્રાથમિક ટીચર્સ ધિરાણ મંડળીના ચેરમેન શીતલબેન સતિષભાઈ પટેલ વગેરેએ મુખ્ય મંત્રીને કન્યા કેળવણી મુખ્ય મંત્રી સહાય ફંડમાં રૂા. ૫૧-૫૧ હજારનો ચેક આપી શિક્ષકોએ સમાજ અને દિકરીઓ પ્રત્યેનું દાયીત્વ ફરી એકવાર અદા કર્યું હતું.

બાયડ કોર્ટનું ચેક પરત ફરવાના કેસમાં કડક વલણ

એક ખેડૂતને ૧ વર્ષ, બે ખેડૂતોને ૬ મહિનાની સજા ફટકારતો ચૂકાદો આપ્યો

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૧૯

બાયડની ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટ ચેક પરત ફરવાના કેસમાંકડકવલણઅપનાવીતાલુકાના ચાંવાડ(દરોલી) ગામના ૨ ખેડૂત અને રામજીનામુવાડા ગામના ૧ ખેડૂતને કેદની સજા ફટકારતો ચૂકાદો આપ્યો છે. તાલુકાની ધી મોટીદેરોલી ગૃપ સેવા સહકારી મંડળીની તરફેણમાં અપાયેલા ચૂકાદામાં ચાંવાડ ગામના ખેડૂતને ચેક પરત ફરવાના કિસ્સામાં ૧ વર્ષની, બીજા ખેડૂતને મહિનાની અને રામજીનામુવાડા ગામના અન્ય ખેડૂતને પણ મહિનાની કેદની સજા ફટકારતો ચૂકાદો આપતાં હલચલ મચી છે.

પ્રાપ્ત જાણકારી મુજબ તાલુકાની ધી મોટીદેરોલી ગૃપ સેવા સહકારી મંડળીમાંથી તાલુકાના ચાંવાડ (દરોલી) ગામના ખેડૂત રણજીતસિંહ અર્જુનસિંહ સોલંકી, અશોકસિંહ બળવંતસિંહ સોલંકી તેમજ રામજીનામુવાડા દેરોલી)ના ભવાનસિંહ અભેસિંહ સોલંકીએ જુદી જુદી રીતે મંડળીમાંથી ધિરાણ મેળવી લીધું હતું પરંતુ બાકી રહેલા ધિરાણ તેમજ વ્યાજની રકમ ચૂકવી શક્ય ન હતા. જ્યારે તે પેટે મંડળીને આપેલા ચેક પરત ફર્યા હોવાથી ધી મોટીદેરોલી ગૃપ સેવા સહકારી મંડળીના સેક્રેટરી પ્રવિણસિંહ બાબરસિંહ સોલંકીએ ધિરાણ તેમજ વ્યાજ વસુલ કરવા માટે બાયડના એડવોકેટ ધર્ય આર. પટેલ મારફતે બાયડની એડીશનલ ચીફ જ્યુડીશીયલ કોર્ટમાં કેસ દાખલ કરાવ્યો હતો. જેમાં ગત રોજ કોર્ટે આધારપુરાવા તેમજ ધારદાર દલીલોને ધ્યાનમાં રાખી ચાંવાડના ખેડૂત રણજીતસિંહ સોલંકીને ૧ વર્ષની સાદી કેદની સજાનો હૂકમ કર્યો છે. આ સાથે ચેકની રકમ રૂ ૩૯ હજાર વળતર તરીકે ચૂકવી આપવા હૂકમ કરી જો તેમાં નિષ્ફળ જાય તો વધુર માસની સાદી કેદની સજા સંભળાવી છે. જ્યારે ચીવાડના અન્ય ખેડૂત અશોકસિંહ બળવંતસિંહ સોલંકીને પણ કોર્ટ દ્વારા મહિનાની સાદી કેદ અને ચેકની રકમ રુ ૨૭,૪૪૯ વળતર ચૂકવી દેવા જણાવ્યું છે. જ્યારે સદર રકમ મંડળીને ન ચૂકવે તો વધુ ૨ માસની સાદી કેદ ફટકારતો ચૂકાદો આપ્યો છે. તેજ રીતે મંડળી તરફી જાહેર કરેલા ચૂકાદામાં રામજીનામુવાડા ગામના ભવાનસિંહ સોલંકીને પણ કોર્ટે ૬ મહિનાની કેદ તેમજ ચેકની રકમ રુ ૧૬, ૧૪૪ વળતર ચૂકવવા તેમજ જો તેમાં નિષ્ફળ જાય તો વધુ ૨ માસની કેદની સજાનો ચૂકાદો સંભળાવતાં ચેક આપી હાથ ઉંચા કરનારાઓમાં કોર્ટના વલણથી ફફડાટ વ્યાપ્યો છે.

બે ગ્રામ પંચાયતના તલાટી ગેરહાજર રહેતા અરજદારો રઝળી પડ્યા

ડીસાની મામલતદાર કચેરી ખાતે વિચરતી વિમુક્ત સમુદાયના પરિવારો માટે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

ડીસા, તા. ૧૯

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ આજે ૨૦ તારીખે કાંકરેજ તાલુકાના કાકર ગામે પધારી રહ્યા છે ત્યારે વિચરતી વિમુક્ત જાતિનાં પરીવારો માટે ગુરુવારે મામલતદાર કચેરી ડીસા ખાતે સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડીસા શહેર સહિત તાલુકાના વિચરતી વિમુક્ત જાતિનાં પરીવારોને જરૂરી ડોક્યુમેન્ટ કાઢી આપવામાં આવ્યા હતાં સાથે રેશનકાર્ડ, આધારકાર્ડ, આવકના દાખલા સહિત અનેક યોજનાઓનો લાભ સિધો લાભાર્થીઓને મળી રહે તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ડીસા તાલુકાની ગામ પંચાયતોના તલાટી કમ મંત્રી, આરોગ્ય વિભાગના કર્મચારીઓ સાથે શહેરી વિસ્તારના સરકારી કચેરીઓમાં તાલુકા પંચાયતના કર્મચારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં હુવા ગામ પંચાયતના તલાટી કમ મંત્રી અને રાણપુર વચલાવાસના તલાટી કમ મંત્રી હાજર ન રહેતા સેવા સેતુ કાર્યક્રમમાં આવેલ અરજદારો મુશ્કેલીમાં મુકાયા હતા. જિલ્લા કલેકટરના આદેશના પગલે મામલતદાર

કચેરી ખાતે સેવા સેતુ કાર્યક્રમનું આયોજન વિચરતિ સમુદાય મંચના આગેવાનોની ઉપસ્થિતમાં કરવામાં આવ્યું હતું ત્યારે કેટલાંક કર્મચારીઓ દ્વારા બપોર બાદ સેવા સેતુ કાર્યક્રમમાં હાજર ન રહેતાં અરજદારોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો જ્યારે રાણપુર વચલાવાસના તલાટી કમ મંત્રી હાજર ન રહેતા ગ્રામિણ મામલતદારને રજુઆત કરવામાં આવી હતી તેથી ગ્રામિણ મામલતદાર દ્વારા તાલુકા વિકાસ અધિકારીને રજુઆત કરો તેવું અરજદારોને જણાવ્યું હતું જ્યારે તાલુકા વિકાસ અધિકારીને જાણ કરાતાં રાણપુર વચલાવાસ તલાટી કમ મંત્રી રજા પર હોવાનું જણાવ્યું હતું ત્યારે આજે સેવા સેતુ કાર્યક્રમમાં તલાટી કમ મંત્રી રજા પર હોય અન્ય તલાટી કમ મંત્રીની નિમણુંક ન કરાતાં રાણપુર વચલાવાસથી આવેલ અરજદારોને ધરમધકકા ખાવા પડ્યાં હતાં ત્યારે સરકારની સેવા સેતુ યોજના જનતા માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે પરંતુ કેટલાંક સરકારી બાબુઓ ની બેદરકારીથી સેવાસેતુ કાર્યક્રમ બદનામ થતો હોય તેવું દેખાઈ રહ્યું છે ત્યારે આજે યોજાયેલ સેવા સેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત ન રહેનાર સરકારી કર્મચારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી અરજદારો દ્વારા લાગણી સાથે માગણી વ્યક્ત કરવામાં આવી હતી.